સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત કરવામા આવતી કામગીરીના માસિક બીલોના ચુકવણા પોષણ સર્વે તથા સર્વેલન્સ સિસ્ટમની વર્ષ-૨૦૨૨-૨૩ ગ્રાન્ટમાંથી કરવા બાબત

ગુજરાત સરકાર,
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્ર: WCDD/IMR/e-file/23/2022/0946/B (ICDS)
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૭-૧૦-૨૦૨૨

વંચાણે લીધા :

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનાં ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૨૧-૬૮૦-બ તા.૫/૪/૨૦૨૨

(૨) તા: ૦૭/૧૦/૨૦૧૯ ના રોજ મળેલ State Level Sanctioning Committee (SLSC) ની મિટિંગ

(3) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીના તા.03/0૯/૨૦૨૨ ના પત્ર ક્ર: આઇસીડીએસ/ M&E/SMC Bill/ચુકવણું - પોષણ સર્વે તથા સર્વેલન્સ સિસ્ટમ//૩૫૩૯૬૨/૨૦૨૨

આમુખ :

વંચાણે લીધેલ (૧) થી વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકના અંદાજપત્રમાં અનુક્રમે રૂ.૧૦૦/- કરોડથી ઓછી રકમની ચાલુ બાબતોની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ (૨) થી સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટરનું ગઠન તા-૦૭/૧૦/૨૦૧૯ ના રોજ મળેલ State Level Sanctioning Committee (SLSC) ની મિટિંગમા પોષણ અભિયાનના બેનર હેઠળ કરવામા આવેલ તથા સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટરના બીલોના ચુકવણા NNM ની ફ્લેક્સી ફંડની ગ્રાન્ટમાંથી કરવા SLSC એ મંજુરી આપેલ છે. વંચાણે લીધેલ (3) થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી દ્વારા સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત કરવામા આવતી કામગીરીના માસિક બીલોના ચુકવણા પોષણ સર્વે તથા સર્વેલન્સ સિસ્ટમની વર્ષ-૨૦૨૨-૨૩ ગ્રાન્ટમાંથી કરવા માટેની દરખાસ્ત છે. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરીની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે ભારત સરકારશ્રી દ્વારા મિશન પોષણ અભિયાન ૨.૦માં વર્ષ-૨૦૨૨-૨૩થી ફ્લેક્ક્ષી ફંડમાં કોઇ ગ્રાંટની જોગવાઇ કરેલ ન હોઇ સ્ટેટ મેનેજમેન્ટ સેન્ટર અંતર્ગત કરવામાં આવતી કામગીરીના માસિક બીલોના ચુંકવણા (માહે March paid in April થી) પોષણ સર્વે તથા સર્વેલન્સ સિસ્ટમની ગ્રાન્ટમાંથી (બજેટ હેડ ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૨૦ ૧૦૦% સ્ટેટ હિસ્સા) કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

સદર ઠરાવની જાણ નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) એ સ્ટેટ લેવલ સેંક્ષનીંગ કમીટીને કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણાં વિભાગની તા. ૬/૧૦/૨૦૨૨ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેકશન અધિકારી,
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૩) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૪) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૫) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
(૬) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
(૮) નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર
(૯) સર્વે તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત, જિ. .....,...
(૧૦) સિસ્ટમ મેનેજર- વેબસાઇટ ઉપર મુકવા સારૂ
(૧૧) સિલેક્ટ ફાઇલ